# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

: ૦૨૬૧-૨૬૬૨૯૦૨ : suratdeo@gmail.com


જા.નં./મા-૨/૨૦૨૬/ 10631 તા. 6 /૦૮/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ સરકારી/અનુદાનિત/ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ,

જિલ્લો: સુરત

વિષય: PRASHAST (Pre-Assessment Holistic Screening Tool) App અંગે તાલીમ વિડિઓઝ જોવા બાબત.

ભારત સરકાર દ્વારા વિકસાવવામાં આવેલ PRASHAST (Pre-Assessment Holistic Screening Tool) એપ્લિકેશનનો મુખ્ય હેતુ શાળાના વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રકારની દિવ્યાંગતા અથવા વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોની સમયસર ઓળખ કરી તેમને યોગ્ય શૈક્ષણિક સહાય ઉપલબ્ધ કરાવવામાં સહાયરૂપ થવાનો છે. આ તાલીમ વિડિઓઝ શિક્ષકોને PRASHAST એપનો અસરકારક ઉપયોગ, વિદ્યાર્થીઓમાં દિવ્યાંગતાની પ્રાથમિક ઓળખ તથા સમાવેશી શિક્ષણ (Inclusive Education) અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે.

આથી તમામ શિક્ષકશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે તેઓ PRASHAST App ડાઉનલોડ કરીને નીચે મુજબની પ્રક્રિયા પૂર્ણ કરે:

1. PRASHAST App ઈન્સ્ટોલ કરીને PRASHAST Tutorial પર ક્લિક કરવું.
2. Teacher વિકલ્પ પસંદ કરવો.
3. શાળાનો UDISE Code દાખલ કરવો.
4. UDISE+ સાથે લિંક થયેલ મોબાઈલ નંબર દાખલ કરવો.
5. CAPTCHA દાખલ કરીને SEND OTP પર ક્લિક કરવું.
6. પ્રાપ્ત થયેલ OTP દ્વારા લોગિન પૂર્ણ કરવું.
7. લોગિન થયા બાદ ઉપલબ્ધ તમામ Sensitisation Videos તથા Tutorial Videos સંપૂર્ણપણે જોવાના રહેશે.

આથી સુરત જિલ્લાની તમામ શાળાના દરેક શિક્ષકશ્રીઓએ PRASHAST App ડાઉનલોડ કરીને રજીસ્ટ્રેશન પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરે અને તમામ તાલીમ વિડિઓઝ અવશ્ય નિહાળે તેની ખાતરી શાળાના આચાર્યશ્રીએ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત